# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૨ અંક : ૮ ઓગષ્ટ,૨૦૦૦

સંપાદક ટીમ
પ્રકાશ ભટ્ટી
મમતા ગૌસ્વામી
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા


## શીખનાર અને શીખવનાર

શિક્ષક અને વિધાર્થીઓના સંબંધો તથા તેમના વચ્ચે ચાલતી ક્રિયાઓમા કથનાત્મકતા જોવા મળે છે. જેમાં શિક્ષક કોઈ વિષય વસ્તુને વ્યાખ્યાન કે ભાષણ સ્વરૂપમાં રજુ કરે છે.જયારે વિધાર્થીઓ તેને નિષ્ક્રિયતા થી સાંભળે છે.જાણે કે તેઓ પદાર્થ ન હોય ! શિક્ષણ પધ્ધતિની આ બિમારી છે.જે વિચારો અને વાસ્તવિકતાને નિષ્પ્રાણ બનાવે છે.કોઈ વાસ્તવિકતા વિશે વાત કરતા શિક્ષક તેનું ગતિવિહિન,જુદા જુદા વિભાગોમાં વહેચાયેલા પદાર્થરૂપેવિવરણ કરે છે,વાસ્તવિક પરિવેશ,અસ્તિત્વ અને અનુભવથી તદ્દન અલગ વિચાર કે સિધ્ધાંત પર વિદ્દવતાપૂર્વક ભાષણ આપે છે.કથનાત્મક શિક્ષણમાં શબ્દોનો રણકાર,શબ્દાડંબર હોય છે પણ ભાષામાં રહેલી પરિવર્તનની તાકાત ઉપર ભાર મુકવામાં આવેલ તેથી ચાર ગુણ્યા ચાર એટલે સોળ અને ગુજરાતનું પાટનગર એટલે ગાંધીનગર,વિધાર્થીઓ આવા સૂત્રોને ઝીલે,ગોખી નાંખે,**પરંતુ તેમને ખબર ન હોય કે ચાર ગુણ્યા ચાર એટલે શું કે પાટનગર એટલે શું ?** વિધાર્થીને એનો ખ્યાલ પણ ન આવે કે ગાંધીનગર માટે શું અગત્યતા છે કે પછી ગુજરાત નું ભારતમાં શું સ્થાન છે.

શિક્ષણ ભાષણ રૂપ બને,શિક્ષક કથાકાર બને ત્યારે વિધાર્થીઓ વિષય વસ્તુને ગોખી કાઢે.વિધાર્થીઓ ના મનને " ખાલી ડબ્બા " ગણી તેમાં ભાષણનું ભુસુ ભરવામાં આવે છે. આ ભુસુ એ શિક્ષકે વિધાર્થીમાં મુકેલી થાપણ(અનામત) ગણાય. આજ,શિક્ષણ શરાફીની પેઢી જેવુ બની જાય છે.તેમા વિધાર્થીઓએ માત્ર શિક્ષકોએ મુકેલી થાપણ સ્વીકારવાની. અનેપોતાનામાં મુકાયેલ આ થાપણ સંગ્રહવાની, નોંધવાની,ફાઈલો બનાવવાની છુટ અપાય છે.પરંતુ અંતિમ પૃથકકરણમાં માનવ ચેતના કુંઠીત થાય છે. જયા સુધી શિક્ષક ચિંતન ન કરે,કાર્ય ન કરે, કોઈ જિજ્ઞાસા ન બતાવે ત્યાં સુધી તે ખરા અર્થમાં માનવી બની શકતો નથી.વ્યકિત વિશ્વમાં રહીને સતત પણે ચિંતન કરે,કાર્ય કરે, શોધ ખોળ કરે,જ્ઞાન માટે આતુરતા અનુભવે,ચંચળતા અનુભવે,અન્ય માનવો સાથે વાસ્તસ્વિકતા ઉપર ચિંતન કરે ત્યારે જ જ્ઞાન ઉદભવી શકે.આ પ્રકારની શૈક્ષણિક પધ્ધિતિમાં પોતાની જાતને જ્ઞાની માનનાર વ્યકિતઓ અન્યને (જેમને તેઓ અજ્ઞાની માને છે.) જ્ઞાનની ભેટ આપે છે.દમનકારી વિચારધારામા સપડાયેલ વ્યકિતઓની લાક્ષણિકતા એ છે કે,તેઓ અન્યની સરખામણીમાં પોતાની જાતને હલકી ગણે છે.જયાં સુધી ચિંતનની ફલશ્રુતિરૂપે જ્ઞાન ન ઉદભવે,ત્યાં સુધી તેને જ્ઞાન ન કહેવાય.શિક્ષક પોતાની જાતને વિધાર્થીઓ સામે તેમની વિરૂધ્ધના ધ્રુવ તરીકે રજુ કરે છે.**વિધાર્થીઓને સંપુર્ણ પણે અજ્ઞાની ગણી તે પોતાના શિક્ષકપણાને વ્યાજબી ઠેરવે છે.**

શિક્ષણની આ વિભાવના (પરિકલ્પના)વિધાર્થીઓને માનવ ગણતી નથી, એતો એને કાબુમાં રાખી શકાય,વહીવટ કરી શકાય એવુ જાનવર ગણે છે.જયાં સુધી વિધાર્થીઓ પોતાના ઉપર કરવામા આવતા ભાષણોનો મુકપણે સ્વીકાર કરતા રહેશે ત્યાં સુધી તેઓ ટીકાત્મક અભિગમ કેળવી નહી શકે.આ અભિગમ ત્યારે જ કેળવાય કે જયારે તેઓને ભાન થાય કે પોતાનામાં પણ વાસ્તવિકતામાં પરિવર્તન લાવવાની શકિત રહેલી છે.કેટલાક ક્રાંતિકારીઓ શૈક્ષણિક પ્રણાલીનો વિરોધ કરતી વ્યકિતઓને ''મૂઢ, દિવાસ્વપ્નોમા રાચનારી કે પ્રત્યાઘાતી''ના બિરૂદ આપે છે.પરંતુ તેમને ખ્યાલ નથી કે મુકિત અન્યોને વિખુટા પાડવાથી ન મળે,તે તો માનવી કરણની પ્રક્રિયા છે.સાચી મુકિત અન્યોમા ''થાપણો'' મુકયા કરવાથી ન થઈ શકે.મુકિતની પ્રક્રિયા'પ્રેકસીસ' છે. જે વાસ્તવિકતા વિશે ગહન,ચિંતન અને પછી તેના પરિવર્તનની દિશા માં કરેલા પ્રયત્નોમાંથી જન્મે છે.આથી મુકિત માટે પ્રતિજ્ઞાબધ્ધ વ્યકિતઓ માનવને યંત્રવત ન ગણી શકે.વિશ્વની ચેતના ભરવાના ખાલી ડબ્બા પણ ન ગણી શકે.મુકિતના નામે તેઓ દમનકારીસમાજે નિયત કરેલી વ્યકિતઓને નિષ્પ્રાણ કરતી,શરાફની પેઢી જેવી શૈક્ષણિક પ્રણાલીનો સ્વીકાર ન જ કરી શકે.આથી મુકિત માટે ખરેખર કટીબધ્ધ વ્યકિતઓએ **માનવને અચેતન કરતી શૈક્ષણિક પ્રથાને સંપુર્ણપણે ફગાવી દેવી જોઈએ**.આને સ્થાને વ્યકિતને ચેતનવંત ગણવી જોઈએ.તેમની ચેતના તેમને સમજની પરિસ્થિતિ /વાસ્તવિકતા વિષે સભાન કરે છે.

**કેળવણી એટલે મનુષ્યમાં પહેલેથી જ રહેલી પુર્ણતાની અભિવ્યકિત – સ્વામી વિવેકાનંદ.**

શિક્ષણનો હેતુ વિધાર્થીઓના ખાલી ડબ્બા ભરવાનો નથી પરંતુ વ્યકિતઓ અને તેમની આસપાસની વાસ્તવિકતાની આંતરક્રિયા ઉપર પ્રશ્ન ઉપસ્થિત કરવાનો છે.પ્રશ્નકારક શિક્ષણ ચેતના અને સભાનતાના હાર્દને સ્પર્શે છે.આથી **પ્રશ્નકારક શિક્ષણ ભાષણો,હુકમો અને કથનોને ફગાવી દઈને સંવાદને મુર્તિમંત કરે છે.** વાસ્તવિકતાનુ ગ્રહણ કરવામા સહયોગી વ્યકિતઓ વચ્ચે સંવાદના સબંધો ઉત્પન થવા આવશ્યક છે. પરંતુ જયા સુધી શિક્ષક વિધાર્થીઓ વચ્ચે ખાઈ હશે ત્યાં સુધી સંવાદ શકય નથી.**સંવાદમાં,વિધાર્થીઓ ના શિક્ષક અને શિક્ષકના વિધાર્થીઓ, એ સબંધ દુર થાય છે.**શિક્ષક હવે માત્ર ભાષણ કરતા નથી,પરંતુ શિક્ષકને પણ વિધાર્થીઓ સાથેના સંવાદમાં જ્ઞાન મળે છે.આમ વિધાર્થીઓ એક સાથે બે પ્રક્રિયામાં ભાગ લે છે. **તેઓ જ્ઞાન મેળવે છે અને સાથે સાથે શિક્ષકને જ્ઞાન આપે છે.**તેઓ આ સંવાદમા સહભાગી દરેક વ્યકિતના ઉત્થાનની પ્રક્રિયા માટે જવાબદાર બને છે.

પ્રશ્નકારક શૈક્ષણિક પધ્ધતિ શિક્ષક–વિધાર્થીની પ્રવૃતિમાં કોઈ વિરોધાભાસ ઉભી કરતી નથી.તે દરેક પળે વાસ્તવિકતાનુ સભાનતાથી ગ્રહણ કરી રહયો છે.ભલે તે પોતાના અભ્યાસખંડમાં હોય કે પછી વિધાર્થીઓ સાથેના સંવાદમા મગ્ન. તે વાસ્તવિકતા ને પોતાની માલીકીની ગણતો નથી.તેવાસ્તવિકતા અને જગતને પોતાના અને વિધાર્થીઓ ના ચિંતનનુ માધ્યમ ગણે છે.આ પ્રક્રિયામા શિક્ષક વિધાર્થીઓ સાથેના ચિંતનમાં પોતાના વિચારો બદલે છે તેમા સુધારો વધારો કરે છે. વિધાર્થીઓ પણ હવે મુક પ્રેક્ષક કે શ્રોતા નથી.તેઓ પણ શિક્ષકની સાથેના સંવાદમાં પોતાના મંતવ્યો રજુ કરે છે,ટીકાત્મક અભિગમ કેળવે છે.શિક્ષક કોઈ વિષયકે વાસ્તવિકતાને વિધાર્થીઓ સમક્ષ તેમના ચિંતન માટે મુકે છે અને વિધાર્થીઓના વિચારો જાણ્યા બાદ પોતાના વિચારોનુ પણ પૃથ્થકરણ કરે છે.આમ પ્રશ્નકારક શિક્ષણમાં શિક્ષકનુ કાર્યજ્ઞાન પુર્વગ્રહો અને સિધ્ધાંતના સ્તરે ન રહેતા તે સાચી રીતે જ્ઞાન બને,અર્થપુર્ણ બને તેવુ વાતાવરણ તૈયાર કરવાનુ છે.કથનાત્મક શિક્ષણનો હેતુ વ્યકિતની ચેતનાને,તેની ગ્રહણ શકિતને ડુબાડી રાખવાનો છે.જયારે પ્રશ્નકારક શિક્ષણ ચેતનાનુ પુનઃઉત્થાન અને વાસ્તવિકતાને પરિવર્તિત કરવાનો હેતુ રાખે છે. વાસ્તવિકતા અનેતેની સાથેની સતત આંતરક્રિયાને કારણે વિધાર્થીઓમાં અનેક પ્રશ્નો ઉદભવશે જે તેઓ માટે પડકાર સમાન બની ઉઠશે,આ પડકારનો સામનો કરી તેનુ નિરાકરણ લાવવા કટીબધ્ધ બનશે. નિરાકરણની પ્રક્રિયામાંથી નવા પ્રશ્નો અને પડકારો ઉદભવશે, વાસ્તવિકતા વિશેની સમજણ વધુ પ્રગાઢ બનશે.

ચિલીમાં એક સાંસ્કૃતિક મંડળમાં સંસ્કૃતિ અને માનવ અને તેમના સબંધો ઉપર ચર્ચા ચાલી રહી હતી. ચર્ચા દરમિયાન આપણી પ્રચલિત શિક્ષણની વિભાવના અનુસાર અભણ ખેડુત બોલી ઉઠયો.**‘હવે મને ખ્યાલ આવ છે કે માનવ વગર આ વિશ્વ શકય નથી’**.જયારે આ ચર્ચાના સંચાલકે કહ્યુ કે માત્ર દલીલ ખાતર આપણે ધારી લઈએ કે આ પૃથ્વી સમસ્ત માનવ જાતનો વિનાશ થાય, પરંતુ પૃથ્વી તેના વૃક્ષો પશુ પક્ષીઓ,નદીઓ,સમુદ્રો,પહાડો અને આકાશ બધુ જ રહે તો શું આ વિશ્વ નહી હોય ?‘અરે,ના પેલો જ ખેડુત ભાર પુર્વક બોલ્યો**‘પછી કોઈ કહેનાર નહી હોય કે આ વિશ્વ છે.’** ખેડુત કહેવા માગતો હતો કે માનવ વિનાના આ જગત પર વિશ્વ વિષયક ચેતનાનો અભાવ હશે.તેનો અર્થ એમ થાય કે ચેતનામય વિશ્વ નહી હોય.

આપણે જેને ખરેખર સભાનતા કહીએ છીએ તેમા મારુ ધ્યાન કોઈ એક પદાર્થ પર જાય છે . **દા.ત.આ કાગળ,** મારી કાગળ વિષયક સમજણ તેના અત્યારના,હાલના અસ્તિત્વ અનુસાર છે.દરેક પદાર્થનેઆપણા ભુતકાળના અનુભવ અને સ્મરણમા સ્થાન છે. પરંતુ કાગળ વિષયક સમજણથી હું માત્ર કાગળ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરુ છુ.કાગળની આસપાસ બીજી ચીજો પડેલી છે **પુસ્તકો,પેન,પેન્સિલ** વગેરે અને આ પદાર્થનુ પણ એક રીતે હું ગ્રહણ કરુ છુ.તેઓ ત્યાં છે, **પરંતુ જયારે મારુ ધ્યાન કાગળ તરફ કેન્દ્રિત થયેલુ હતુ ત્યારે મારી અન્ય પદાર્થો વિષયક સમજણ ન હતી.**તેઓ મારી સમક્ષ આવ્યા હોવા છતા તેઓ તરફ ધ્યાન કેન્દ્રિત નહોતુ થયુ.દરેક પદાર્થના ગ્રહણની પાછળ ભુતકાળના અનુભવો અને સ્મરણોનો પરદો રહેલો છે.અને જો કોઈ ચીજ પરત્વેની ઝાંખી વ્યકિતને તેના વિષે ધ્યાન કેન્દ્રિત કરવા પ્રેરેઅને આ ચેતનવંતો સભાન અનુભવ હોય તો આ હકીકત વ્યકિતના અંતરમનના અનુભવો સાથે સંકળાયેલી છે.

આ સભાનતામા વાસ્તવિકતા આપણી નજર સમક્ષ અસ્તિત્વ ધરાવતી હોવા છતા તેના આંતરીક ગર્ભિતાર્થો સ્પષ્ટ ન થયા હોય, પણ તે હવે ઉડીને આંખે વળગે છે. તેઓ હવે આપણા માટે પ્રશ્નાર્થો અને પડકારોનુ સ્વરૂપ ધારણ કરે છે. આમ વ્યકિત પોતાના ભુતકાળના અનુભવો અને સ્મરણોમાંથી ઘટનાઓને બહાર કાઢીને તેમના પર ધ્યાન કેન્દ્રિત કરે છે.તેમતા પર ચિંતન કરે છે.આમ આ ઘટના અને પદાર્થો હવે માનવના વિચારના કેન્દ્રો બન્યા છે.તેથી માનવની સર્જન શકિત પણ ફેરવાશે. આ વ્યકિતઓ પોતાના અસ્તિત્વને પોતાની પરિસ્થિતિને ટીકાત્મક રીતે જોવા સક્ષમ બને છે.

પ્રશ્નકારક શિક્ષણ માનવને પોતાના અસ્તિત્વની પુર્ણતા તરફ ગતિ કરતો અપુર્ણ માનવી ગણે છે.જે પોતાના જેવી જ અપુર્ણ વાસ્તવિકતામાં અને તેની સાથે જીવી રહયો છે. બીજા અન્ય પ્રાણીઓ પણ અપુર્ણ છે.**પરંતુ કેવળ માનવ પોતાની અપુર્ણતાથી સભાન છે.** અપુર્ણતાની સભાનતામા જ શિક્ષણ કે જે માનવપણાની પ્રક્રિયા છે તેના મુળ રહેલા છે.માનવની અપુર્ણતા અને સતત બદલતી જતી વાસ્તવિકતાને કારણે શિક્ષણ પણ સતત ચાલતી પ્રક્રિયા હોવી જોઈએ ચિંતન અને કાર્યમાથી ઉભા થતા વિચારો દ્વારા શિક્ષણ સતત પણે ઘડાતુ હોવુ જોઈએ.શિક્ષણનો સમયગાળો વાસ્તવિકતાની વિભાવના ઉપર આધારિત છે. કેટલાકના મતે વાસ્તવિકતા હરહંમેશ પરિવર્તન પામી રહેલી પ્રવાહી વાસ્તવિકતા છે. વ્યકિત પોતાની પરિસ્થિતિના હાર્દને સમજે ત્યારે તેને ખ્યાલ આવે છે કે આ પરિસ્થિતિ ને જરૂરથી બદલી શકાય.નિરાશાને સ્થાને આશાનો ઉદય થાય છે.વ્યકિત પોતાની સક્રિયતાને આધારે આ પરિસ્થિતિને બદલવા પ્રયત્નશીલ બને છે.**જો વ્યકિત અન્યના સહયોગથી સભાનતા અને ચિંતની ચળ વળ ઉપર કાબુ ના ધરાવે તો તે માનવતાનુ હનન છે. જયારે કોઈ વ્યકિત અન્યોને ચિંતન અને સભાનતાથી પ્રક્રિયા મા અવરોધરૂપ બને ત્યારે આ ઘટના હિંસા છે.**હિંસા કેવી રીતે કે કેવા માધ્યમથી કરવામા આવે છે તે અગત્યનુ નથી.માનવને પોતાને નિર્ણયો અને જવાબદારીથી વિખુટા પાડીને તેમને પદાર્થમા રૂપાંતરીત કરવામા આવ્યા છે.તે ઘટના ઉપર ઘ્યાન કેન્દ્રિત થવુ જોઈએ.

પ્રશ્નકારક શિક્ષણ દમનકર્તાઓના સ્વાર્થને કયારેય પોષશે નહી. શા માટે દમનકારી વ્યવસ્થા પ્રશ્નો કરવાનો અધિકાર આપતી નથી? માત્ર ક્રાંતિ ઉપર રચાયેલો સમાજ પ્રશ્નકારક શિક્ષણને અમલમાં મુકી શકે.પરંતુ જયાં સુધી સમાજમા દરેક વ્યકિતને પ્રશ્ન કરવાની સત્તા ન આપવામા આવે ત્યાં સુધી ક્રાંતિના નેતાઓએ સમાજમાં સત્તાના સુત્રો પોતાના હાથમા ન લેવાય. એક ક્રાંતિની પ્રક્રિયામાં,તેનુ નેતૃત્વ કરતા વ્યકિતઓ માનવને અચેતન કરતી શૈક્ષણિક પધ્ધતિ પણ ન વાપરી શકે, પછી ભલે તેમનુ અંતિમ ઘ્યેય ક્રાંતિકારી સમાજની સ્થાપના હોય.

તેઓએ શરુઆતથી જ ક્રાંતિકારી એટલે કે સંવાદમા અતૂટ શ્રધ્ધા ધરાવવાની છે.

**(પોલો ફેરેરેના અભ્યાસ લેખમાથી 'ઉન્નતિ' અમદાવાદ દ્વારા કરેલ ગુજરાતી અનુવાદમાથી સાભાર.)**

### ઘનિષ્ઠ અભ્યાસ ક્રમ

કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ ના સહયોગથી કન્ડેન્સ્ડ કોર્સ સંસ્થા દ્વારા ચલાવવામાં છે. કુલ ૩૧ બહેનોને શિક્ષણની સાથે સાથે આર્થિક રીતે પગભર બને તે હેતુથી સિલાઈ કામ, મહેંદી, બ્યુટી પાર્લર ચલાવવા જરૂરી તાલીમ આપવામાં આવી રહી છે.

### ફેમીલી કાઉન્સેલિંગ સેન્ટર

સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડના સહયોગથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર, અમરેલી દ્વારા ફેમીલી કાઉન્સેલિંગ સેન્ટર સપ્ટેમ્બર – ૨૦૦૦ થી શરૂકરવામાં આવનાર છે જેનુ કાર્યાલય હનુમાન પરા, અમરેલી ખાતે રાખેલ છે.

### સ્વસહાય જુથ

ખાંભા તાલુકાના આંબલીયાળા મુકામે સંતોષી મહિલા મંડળ તા. ૧૭/૧૨/૯૮ અને ભવાની મહિલા મંડળ તા. ૬/૮/૯૯ થી રચવામાં આવેલ છે. મંડળના બહેનો બચત– ધિરાણ ઉપરાંત ગામમા વિકાસના કામો થાય એ માટે પણ વિચારતા થયા છે. જેના ભાગ રૂપે તા. ૧૭/૮/૨૦૦૦ના રોજ મંડળ ની માસિક મીટીગ મળેલ જેમા ગામની પ્રાથમિક શાળામાં પંખાની વ્યવસ્થા ન હોવાથી બાળકોને અસહ્ય ગરમી સહન કરવી પડતી હતી આ પ્રશ્નને દુર કરવા બન્ને મંડળોએ મળી પોતની બચત માથી શાળાને પંખાની ભેટ આપેલ છે. ખાંભા તાલુકાના સાળવા ગામે તા.૧૫/૧૦/૯૯ થી આઝાદ ગ્રુપની રચના કરવામાં આવેલ છે ગ્રુપની કુલ બચત રૂ.૩૨૫૦ છે ગ્રુપ બચત ધિરાણની સાથે સાથે જાહેર વિકાસના કામો પણ હાથ ધરી રહ્યાં છે.જેના ભાગ રૂપે તા.૧૫/૮/૨૦૦૦ નાં રોજ ગ્રુપની માસિક મીટીગ મળેલ ગામનું મંદિર ખંડેર જેવુ બની ગયુ હતું.આ પ્રશ્નને દૂર કરવા માટે ગ્રુપના સભ્યોએ ચર્ચા કરી અને મંદિરને રીપેર કરાવવાનું નકકી કર્યુ તા.૧૭/૮/૨૦૦૦ ના રોજ દરેક સભ્યોના સાથ સહકારથી અને ગ્રુપની બચતમાંથી મંદિરને ચૂનો અને રીપેરીંગ કરાવેલ છે. આ મંદિરનો ગામના સામુહિક કાર્યો માટે ઉપયોગ થાય,મીટીગ,સભા સંમેલન થઈ શકે તેવી વ્યવસ્થા આ ગ્રુપ દવારા કરવામા આવી.

### યુવતિ વિકાસ કેન્દ્ર

ઓગષ્ટ – ૨૦૦૦ દરમ્યાન સમઢીયાળા અને ખાંભા ગામે યુવતિઓને મુંઝવતા આરોગ્ય લક્ષી પ્રશ્નો હલ થાય તેમજ કાયદાકીય જાણકારી મળે તે હેતુથી યુવતિ સંમેલનો રાખવામાં આવેલ જેમાં વિષયનિષ્ણાંત તરીકે શ્રીમતિ નિહારીકાબેન અને કુ.ભારતીબેને ઉપસ્થિત રહી માહિતી પુરી પાડેલ છે.કેન્દ્ર પર વ્યકિતગત ૩૭ બહેનોએ મુલાકાત લઈ પોતાના પ્રશ્નો રજુ કર્યા.કો–ઓર્ડીનેટર શ્રી વિજયાબેને તેનુ સંકલન કરી વિગતો મેળવી જે તે બહેનોને આપી.

**વોટરશેડ બેઝિક તાલીમ**

વિકાસ સમર્થન કેન્દ્ર– અમદાવાદ દ્વારા વોટરશેડ યોજનાની બેઝિક તાલીમ યોજવામાં આવી જેમાં શિક્ષણ કેન્દ્રની ખાંભા યોજનાના પ્રોજેકટ લીડર શ્રી સુરેશભાઈ ગોહિલ જોડાયા છે. આ તાલીમ તા. ૧૮જુલાઈ થી ૪ ઓગષ્ટ તેમજ ૨૪ ઓગષ્ટથી ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન બે તબક્કામાં રાખવામાં આવી છે.

**હિંસા પર તાલીમ કાર્યક્રમ**

"સ્વાતિ" એ અન્ય સ્વૈછિક સંસ્થાઓ સાથે રહી સ્ત્રી પરના અત્યાચાર નેઓળખવા માટેતા.૭થી ૧૨ ઓગસ્ટ દરમ્યાન શ્રેયસ ફાઉન્ડેશન,અમદાવાદ ખાતે સ્વૈછિક સંસ્થાઓના ક્ષેત્રિય કાર્યકર્તાઓ માટે તાલીમ યોજી જેમા ખાંભા વોટરશેડ પ્રોજેકટ ટીમના સભ્ય શ્રી મમતા ગૌસ્વામી તથા ઘનિષ્ઠ પાઠયક્રમ– ખાંભાના શિક્ષિકા શ્રી નિહારિકા મોરવણીયા એ ભાગ લીધો હતો.

**મહિલા સ્વરાજ અભિયાન**

તા.૨૮–૩૦ ઓગસ્ટ દરમ્યાન મહિલા સ્વરાજ અભિયાન દ્વારા ૧૩ જીલ્લાના ૩૦ તાલુકાના ૬૦ સરપંચો માટે તાલીમ કમર્યક્રમ યોજાયો.આગામી ગ્રામપંચાયતની ચુંટણીમા યોગ્ય મહિલા ની પસંદગી થાય તે માટે ચુંટણી અભિયાનના ભાગ રૂપે આ તાલીમનુ આયોજન કરવામા આવ્યુ હતુ. તાલીમ દરમ્યાન સરપંચ બહેનોના અનુભવો,અભિયાનમાં લેવાના મુદાઓ,માહિતી કેન્દ્ર વિ.ની ચર્ચા કરવામા આવી . ૨૯ ના રોજ સાંજે દારૂબંધીની તરફેણમાં મશાલ રેલી કાઢવામા આવી હતી. શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર ના સાથી શ્રી વજુભાઈ ગોવિંદીયા,ખાંભા તાલુકાના મહિલા સરપંચો શ્રી ગગુબેન મકવાણા (આંબલીયાળા) તથા મંજુલાબેન જોષી (ધાવડીયા) તાલીમમાં જોડાયા હતા.

**સ્વાતંત્ર્ય દિન ઉજવણી**

પચપચીયા મુકામે શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર દવારા ચાલતા સ્વ નિર્ભર જુથો પૈકી શ્રીજી અને વિકાસ જુથના આગેવાન બહેન શ્રીમતિ મંજુલાબેન રાખોલીયા તથા ભાવનાબેન સેંજલીયા એ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે ધ્વજ વંદન કર્યુ. ગામના ભાઈ–બહેનોએ મળીને રચેલા આ ચાર સંગઠનોએ પ્રાથમિક શાળામાં આ પર્વ નિમિતે શાળાની પ્રવૃતિઓ માટે પોતાના નાના એવા ભંડોળમાં થી પણ થોડુ નાણાકીય ભંડોળ આપ્યુ છે જે અભિનંદનને પાત્ર છે.

**Training Programme on Drinking Water quality Monitoring(પાણીની ગુણવત્તા નિયમન)**

ડેવલપમેંટ અલ્ટરનેટીવ્ઝ ના ટ્રેનીંગ સીસ્ટમ યુનિટ દ્વારા સેંન્ટ્રલ સોઈલ એન્ડ વોટર કન્ઝર્વેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ,દહેરાદુન ખાતે ઉપરોકત તાલીમ યોજવામા આવી.ડેવલપમેંટ અલ્ટરનેટીવ્ઝ દ્વારા તેયાર કરવામા આવેલ સરળ અને પોષાય તેવા ખર્ચે પાણીની ગુણવત્તા ચકાસવા માટે તૈયાર કરવામા આવેલી કીટનુ નિદર્શન તાલીમકાર શ્રી પ્રદીપએ કરી બતાવ્યુ હતુ. ફીલ્ડ વીઝીટ દરમ્યાન આપ્રયોગો તાલમાર્થીઓએ જાતે કર્યા હતા.પાણીની ગુણવત્તા નિયમન અંગેનો અભિગમ,સંબંધો અને પધ્ધતિઓ વિ.બાબતો પરતાલીમકાર શ્રી નિશાનએ વિસ્તૃત સમજ આપીહતી.આ કાર્યક્રમમાં ભારતની ૨૨ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધીઓ પૈકી ગુજરાતની પર્યવરણીય વિકાસ સંસ્થા–રાજકોટ, પશુ પક્ષી કલ્યાણ મંડળ–ડુગરપુર, અભિક્રમ અમદાવાદ તથા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર–અમરેલીએ ભાગ લીધો હતો અને પોત પોતાના વિસ્તારના પાણીની ગુણવત્તા પરના પ્રશ્નો ઉપર ચર્ચા કરી હતી.

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amereli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia. REGD. NO. GUJGUJ/1999/1521 DATE: 21-7-2000

**Book -Post,Printed Matter**
**Post Regn. No. G/AMI-91/99**

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫
E-mail
hard@ad1.vsnl.net.in

**શુધ્ધ પાણીની ખાત્રી માટે ચકાસણી જરુરી.**